ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ
તેના કલા શિક્ષણ કાર્યક્રમ હેઠળ
ભારતમાં આવેલી સરકારી સહાયપ્રાપ્ત અને બિન-નફાકારક (નૉન-પ્રોફિટ) શાળાઓ પાસેથી
કલા-સંકલિત પ્રોજેક્ટ્સ
માટે
પ્રસ્તાવો આમંત્રિત કરે છે.
અંતિમ તારીખ: **December 15, 2026**

ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (આઈએફએ) સમગ્ર ભારતમાં બિન-મહાનગરીય વિસ્તારોમાં આવેલી સરકારી સહાયપ્રાપ્ત અને બિન-નફાકારક (નૉન-પ્રોફિટ) શાળાઓમાં કલા શિક્ષણ દ્વારા અધ્યાપન અને અધ્યયન પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા કલા-સંકલિત પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા ઈચ્છે છે.

કલા શિક્ષણ કાર્યક્રમ કલિ કલિસુ (જેનો કન્નડ ભાષામાં અર્થ છે: 'શીખો અને શીખવો')નો ઉદ્દેશ વિવિધ કલારૂપોનો ઉપયોગ કરીને અભ્યાસક્રમ આધારિત શિક્ષણપદ્ધતિઓ દ્વારા શાળાઓમાં અધ્યયનની પ્રક્રિયાને રસપ્રદ અને આનંદદાયક બનાવવાનો છે.

આ વિચારને અનુરૂપ, આઈએફએ સરકારી સહાયપ્રાપ્ત અને બિન-નફાકારક શાળાઓ પાસેથી એવા પ્રોજેક્ટ પ્રસ્તાવો આમંત્રિત કરે છે, જે કલા-સંકલિત શિક્ષણપદ્ધતિઓ માટે મજબૂત પાયો તૈયાર કરે અને વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા તથા સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરે.

અગાઉના વર્ષોમાં હાથ ધરાયેલ અમારા કેટલાક પ્રોજેક્ટ્સ વિશે વધુ જાણવા અહીં ક્લિક કરો.

પ્રોજેક્ટ્સનો વ્યાપ:

આ પ્રોજેક્ટ્સ નીચેના હેતુઓમાંથી એક અથવા વધુને આવરી શકે છે:

- સ્થાનિક કલારૂપો અને સાંસ્કૃતિક પ્રથાઓને વર્ગખંડમાં અધ્યાપન અને અધ્યયનની પ્રક્રિયા સાથે જોડવા
- તમામ વિષયોના અધ્યાપન અને અધ્યયનની પ્રક્રિયામાં કલાનો સમાવેશ કરવો
- વિદ્યાર્થીઓના જીવનાનુભવોને વર્ગખંડના અધ્યયનની પ્રક્રિયા સાથે જોડવા
- સ્થાનિક કલાકારો અને સમુદાયના સંસાધનો સાથે કામ કરવું

પ્રોજેક્ટનો સમયગાળો: ઓછામાં ઓછો એક વર્ષથી વધુમાં વધુ એક વર્ષ અને છ મહિના

બજેટ: મહત્તમ રૂ. **4,00,000/-** સુધી (રૂપિયા ચાર લાખ)

કોણ અરજી કરી શકે?

બિન-મહાનગરીય વિસ્તારોમાં આવેલી સરકારી સહાયપ્રાપ્ત અથવા બિન-નફાકારક શાળાઓ અરજી કરી શકે છે. સદર સંસ્થા સ્થાનિક ભાષાઓ સાથે કામ કરતી હોવી જોઈએ અને અધ્યાપન તેમજ અધ્યયનની પ્રક્રિયામાં કલા અને સંસ્કૃતિને અભિન્ન માને તેવી હોવી જોઈએ.

પાત્રતા:

- શાળાની માલિકી એવી સંસ્થા પાસે હોવી જોઈએ અથવા તેનું સંચાલન એવી સંસ્થા દ્વારા થતું હોવું જોઈએ, જે સોસાયટીઝ રજિસ્ટ્રેશન અધિનિયમ, 1860 / ઇન્ડિયન ટ્રસ્ટ્સ અધિનિયમ, 1882 હેઠળ નોંધાયેલી હોય.
- શાળા ઓછામાં ઓછાં ત્રણ વર્ષથી અસ્તિત્વમાં હોવી જોઈએ.

- ઓછામાં ઓછાં બે વર્ષનાં ઑડિટ કરેલા હિસાબી નિવેદનો હોવા જોઈએ.
- માન્ય કાયમી ખાતા નંબર (PAN) હોવો જોઈએ.

પ્રસ્તાવ મોકલવા અંગેની માર્ગદર્શિકા:

તમે તમારો પ્રસ્તાવ અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં લખી શકો છો. આઈએફએ અંગ્રેજી સિવાયની ભારતીય ભાષાઓમાં પ્રસ્તાવો રજૂ કરવા પ્રોત્સાહિત કરે છે.

તમારા અંતિમ પ્રસ્તાવમાં નીચેની બાબતો હોવી આવશ્યક છે:

- પ્રોજેક્ટનું શીર્ષક
- શાળાનું મિશન / વિઝન / શાળાનો પરિચય
- વિદ્યાર્થીઓની સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ
- પ્રસ્તાવિત પ્રોજેક્ટના હેતુઓ
- કાર્યપદ્ધતિ અને વિગતવાર કાર્યયોજના
- પ્રોજેક્ટમાં જોડાનાર સંસાધન-વ્યક્તિઓની વિગતો
- પ્રોજેક્ટના મૂલ્યાંકનની પ્રક્રિયા
- પ્રોજેક્ટના અપેક્ષિત પરિણામો
- બજેટની વિગતવાર માહિતી

સહાયક પરિશિષ્ટોમાં નીચેની સામગ્રી હોવી જોઈએ:

- ટ્રસ્ટ ડીડ / મેમોરેન્ડમ ઑફ એસોસિએશનની નકલ
- હાલના ટ્રસ્ટીઓ / સભ્યોની યાદી અને પરિચય
- 12A / સોસાયટી અધિનિયમ હેઠળની નોંધણીની નકલ
- ઓછામાં ઓછાં છેલ્લાં બે વર્ષના ઑડિટર અહેવાલ / ઑડિટ કરેલા હિસાબી નિવેદનો
- સંસ્થાના PANની નકલ
- કલા શિક્ષણ સંબંધિત અગાઉની અથવા હાલની પ્રવૃત્તિઓની વિગતો (જો હોય તો)

અંતિમ પ્રસ્તાવ તમામ સહાયક સામગ્રી સાથે, 25 MBથી વધુ ન હોય તેવા એક જ ઈમેઇલમાં, deepak@indiaifa.org પર **December 15, 2026** ના રોજ અથવા તે પહેલાં ઑનલાઇન મોકલવાનો રહેશે.

Subject line: IFA National Schools 2026-27 Proposal

કૃપા કરીને નોંધ લેશો કે અપૂર્ણ પ્રસ્તાવો અને પાત્રતાના માપદંડોમાં ન આવતી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પસંદગી પ્રક્રિયા: પ્રાથમિક પસંદગી પામેલા પ્રસ્તાવોનું મૂલ્યાંકન બાહ્ય નિષ્ણાતોની સમિતિ દ્વારા કરવામાં આવશે અને અરજદારોને સમિતિ સમક્ષ પોતાના પ્રોજેક્ટના વિચારો રજૂ કરવા હાજર રહેવું પડશે. પ્રોજેક્ટની પસંદગી અંગે આઈએફએનો નિર્ણય અંતિમ રહેશે.

પસંદ કરાયેલા તમામ પ્રોજેક્ટ્સનો અમલ આઈએફએ દ્વારા કરવામાં આવશે.

મહત્ત્વની તારીખ:

- અંતિમ પ્રસ્તાવો મોકલવાની છેલ્લી તારીખ: **December 15, 2026**
- અમલ માટે પસંદ કરાયેલા પ્રોજેક્ટ્સની જાહેરાત જાન્યુઆરી **2027**માં કરવામાં આવશે.

કૃપા કરીને નોંધ લેશો કે આઈએફએ બાળકો અને યુવાનોને સહાય આપે, તેમનું સન્માન કરે અને તેમનું રક્ષણ કરે એવું સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા પ્રતિબદ્ધ છે. અરજદારે આ પ્રતિબદ્ધતા સાથે સુસંગત રહેવું અને દરેક સમયે તેનું પાલન કરવું આવશ્યક છે.